ગાંધીનગરમાં ગંદા પાણીથી રોગચાળો ફાટ્યો : સિવિલમાં ૧૦૪ બાળકો એડમિટ

ગાંધીનગરના સેક્ટર ૨૪, ૨૬, ૨૮ અને આદિવાળા, જીઆઇડીસી વિસ્તારમાં શંકાસ્પદ ટાઈફોઈડના કેસ નોંધાયા

ગાંધીનગર,

ગાંધીનગરમાં પાણીજન્ય રોગચાળાના કેસોમાં વધારો થતા આરોગ્ય વિભાગ એકાએક દોડતું થયું છે. આ સાથે જ ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે કે, ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક વોર્ડમાં એકસ્થા ૧૦૪ બાળકો એડમિટ કરાયા છે.

દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખાતા ઈન્દોરના ભાગીરથપુરા વિસ્તારમાં નર્મદા જળ સપ્લાયના નામે નાગરિકોને માનવ મળમૂત્ર મિશ્રિત પાણી પીવડાવવામાં આવતા ૧૪ લોકોના મોત થયા છે, જેણે સમગ્ર તંત્ર સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. ત્યારે આવી ભયાનક સ્થિતિ ગુજરાતના પાટનગરમાં પણ ઉભી થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણ કે, ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસોમાં અચાનક ઉછાળો આવ્યો છે.

રાજયના પાટનગર ગાંધીનગરમાં ટાઇફોઇડનો રોગચાળો ફાટી નીકળ્યો છે. છેલ્લાં કેટલાક દિવસોમાં ટાઇફોઇડના કેસોમાં અચાનક ઉછાળો આવ્યો છે. છેલ્લાં અઠવાડિયાથી અત્યાર સુધીમાં ગાંધીનગરમાં ૬૭ ટાઇફોઇડના કેસ નોંધાયા છે. ગાંધીનગરના સેક્ટર ૨૪, ૨૬, ૨૮ અને આદિવાળા, જીઆઇડીસી વિસ્તારમાં શંકાસ્પદ ટાઈફોઈડના કેસ નોંધાયા છે.

અચાનક વધેલા ટાઈફોઈડના કેસોના કારણે આરોગ્ય તંત્ર દોડતું થયું છે. ગાંધીનગર મનપાના આરોગ્ય વિભાગે ૪૦ અલગ અલગ ટીમો બનાવીને કામ શરૂ કર્યું

છે. અસરગ્રસ્ત વિસ્તારમાં આરોગ્ય વિભાગની ટીમે સર્વેલન્સ શરૂ કર્યું છે. ટાઈફોઈડ અસરગ્રસ્ત વિસ્તારમા આરોગ્ય વિભાગની ટીમે હાઉસ ટુ હાઉસ સર્વે પણ શરૂ કરાયો છે. આ વિશે મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી કલ્પેશ ગોસ્વામીએ જણાવ્યું કે, પીવાના પાણીમાં લીકેજ શોધવા પણ ગાંધીનગર મનપા કામે લાગ્યું છે. સેક્ટર ૨૪, ૨૬ અને ૨૮ માં કેસો સામે આવ્યા છે. ૩૧ જેટલા લોકોને સારવાર માટે દાખલ કરાયા છે.

પાટનગર ગાંધીનગરમાં પણ ઈન્દોર જેવી સ્થિતિ સર્જાય તેવું લાગી રહ્યું છે. ટાઈફોડના ૬૭ કરતાં વધુ કેસ નોંધાતા હવે શહેરીજનોમાં ડર ભરાઈ ગયો છે. તો બીજી તરફ, ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સુપરીટેન્ડન્ટ મિતા પરીખે ટાઈફોઈડના કેસોને લઈને કહ્યું કે, હાલ ૧૦૪ પીડિયાટ્રિક વોર્ડમાં બાળકો એડમિટ કરાયા છે. ઈ-૨ અને એફ-૨ માં બાળકો એડમિટ અને એક નવું વોર્ડ શરૂ કરાયો છે. તમામ બાળકો ૧ થી ૧૬ વર્ષની વચ્ચેના છે. હાલ તમામ બાળકોની કન્ડિશન સારી છે. તેઓને ઝાડા અને ઉલટી જેવી બીમારી સામે આવી છે. હાલ વોર્ડ ૨૪, ૨૮ અને અદિવાડા જેવા વિસ્તારમાં સેમ્પલ લેવાની કામગીરી ચાલુ છે. જેમાં પાણી પીવાલાયક નથી તેવું પણ રિપાર્ટમાં સામે આવ્યું છે.

સુરતમાં ૩ દિવસમાં ૩ હત્યા, ભેસ્તાન, લિંબાયત અને સચિન વિસ્તારમાં હત્યાથી હાહાકાર

લિંબાયત અને સચિન બાદ હવે ભેસ્તાનના ઉન વિસ્તારમાં અસામાજિક તત્વોએ આતંક મચાવ્યો

સુરત,

સ્માર્ટ સિટી સુરતમાં જાણે અપરાધીઓને મોકળું મેદાન મળી ગયું હોય તેમ છેલ્લા ૩ દિવસમાં હત્યાની ત્રીજી ઘટના સામે આવતા શહેરમાં ચકચાર મચી ગઈ છે. લિંબાયત અને સચિન બાદ હવે ભેસ્તાનના ઉન વિસ્તારમાં અસામાજિક તત્વોએ આતંક મચાવ્યો છે. નવા વર્ષની શરૂઆત જ સુરત માટે લોહિયાળ સાબિત થઈ છે.

ભેસ્તાનના ઉન વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષીય મોહમ્મદ ઝફર હુસૈને માત્ર એટલું જ કહ્યું હતું કે, "અમે અહીં રહીએ છીએ તો ઘર પાસે લઘુશંકા કેમ કરો છો?" આ સામાન્ય ટકોર અસામાજિક તત્વોને એટલી વસમી લાગી કે તેમણે ઝફર અને તેના મોટા ભાઈ પર ચપ્પુ વડે હિંસક હુમલો કર્યો જેમાં ઝફરનું કરુણ મોત નીપજ્યું, જ્યારે તેનો ભાઈ હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો છે. મૃતકને માત્ર એક મહિનાનું સંતાન છે. પિતાની છત્રછાયા ગુમાવનાર માસૂમ અને વિધવા પત્નીના આક્રંદથી સિવિલ હોસ્પિટલ ગમગીન બની ગઈ હતી. ભયભીત બનેવીએ લાચારી વ્યક્ત કરતા કહ્યું કે, "અમને બિહાર મોકલી દો, અમારે હવે સુરતમાં નથી રહેવું."

૩૧મીની રાત્રે લિંબાયતની આશાપુરી સોસાયટી પાસે ૨૪ વર્ષીય જયેશ પટેલની ૬ થી ૮ શખ્સોએ ઘેરીને હત્યા કરી નાખી. ૨૦૨૦ની જૂની અદાવતમાં વિશાલ વાઘ અને તેની ગેંગે આ હત્યાને અંજામ આપ્યો હતો. પોલીસે આ મામલે સગીર સહિત ૬ આરોપીઓની ધરપકડ કરી છે, જેમના પર અગાઉ અનેક ગુનાઓ નોંધાયેલા છે.

ગુજરાત એટીએસ દ્વારા ધરપકડ કરાયેલા 3 આતંકીનો કેસ હવે એનઆઇએને સોંપવામાં આવ્યો

એનઆઇએનું અમદાવાદ યુનિટ હવે આ આતંકવાદી નેટવર્કની સંપૂર્ણ તપાસ કરી રહ્યું છે

અમદાવાદ,

ગુજરાત એટીએસ દ્વારા પકડાયેલા ત્રણ આતંકવાદીઓના કેસમાં એક મોટો વળાંક આવ્યો છે.આતંકવાદીઓ પાસેથી ઘાતક રિસિન ઝેર અને શસ્ત્રો જપ્ત થયા બાદ અને પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લેતા, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રાષ્ટ્રીય તપાસ એજન્સીને તપાસ હાથ ધરવાનો આદેશ આપ્યો છે.એનઆઈએનું અમદાવાદ યુનિટ હવે આ આતંકવાદી નેટવર્કની સંપૂર્ણ તપાસ કરી રહ્યું છે.

ગુજરાત એટીએસને ગુપ્ત માહિતી મળી હતી કે હૈદરાબાદનો ડો. અહેમદ સૈયદ ગુજરાતમાં આતંકી પ્રવૃત્તિ માટે આવી રહ્યો છે. તેના આધારે ATSની ટીમે અમદાવાદ-મહેસાણા હાઈવે પર આવેલા અડાલજ ટોલ પ્લાઝા પાસે એક સિલ્વર કલરની ફોર્ડ ફિગો કારની તલાશી લીધી. આ કારમાંથી ડો. સૈયદને ઝડપી પાડવામાં આવ્યો અને તેની પાસેથી બે ગ્લોક પિસ્તોલ, એક બેરેટા પિસ્તોલ, ૩૦ જીવતા કારતૂસ અને ૪ લિટર કેસ્ટર ઓઇલ મળી આવ્યું.પૂછપરછમાં ડો. સૈયદે જણાવ્યું કે તેણે હથિયારો ગાંધીનગરના કલોલ નજીકના એક કબ્રસ્તાનમાંથી લીધા હતા. આ માહિતીના આધારે છ્જીએ બનાસકાંઠા જિલ્લામાંથી આઝાદ શેખ અને મોહમ્મદ સુહેલને ઝડપી પાડ્યા. તપાસમાં ખુલ્યું કે આ બંનેએ રાજસ્થાનના હનુમાનગઢથી હથિયારો મેળવીને કલોલમાં છોડ્યા હતા.

તપાસમાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ છે કે ડો. અહેમદ સૈયદ રાઇઝિન નામનું અત્યંત ઘાતક ઝેર તૈયાર કરી રહ્યો હતો. આ ઝેર કેસ્ટર બીન્સમાંથી કાઢવામાં આવે છે અને તે સાયનાઇડ કરતા પણ વધુ ખતરનાક છે. થોડા મિલિગ્રામ રાઇઝિન પણ માણસને મિનિટોમાં મારી શકે છે, અને તેનો કોઈ એન્ટિડોટ નથી.

વડોદરામાં રેલવે કર્મી યુવતીએ મંગેતરની હત્યા કરી, લિવ-ઇન સંબંધ અને શંકાએ ભયાનક વળાંક લીધો

રેખાએ દુપટ્ટાનો ઉપયોગ કરીને સચિનનું ગળું દબાવી દીધું હતું: રેખા રાઠવા રેલવે વિભાગમાં ખલાસી તરીકે નોકરી કરે છે

વડોદરા,

વડોદરા શહેરમાં રેલવે કોલોની વિસ્તારમાં એક ચોંકાવનારો હત્યાનો બનાવ સામે આવ્યો છે, જેમાં રેલવેમાં નોકરી કરતી યુવતીએ પોતાના જ મંગેતરની હત્યા કર્યાનો ખુલાસો થયો છે. આ સમગ્ર ઘટનાએ શહેરમાં ચર્ચા જગાવી છે. પોલીસે તપાસ દરમિયાન ખુલાસો કર્યો છે કે પ્રેમસંબંધ, શંકા અને સંબંધ તૂટવાની વાતને લઈને થયેલા ઝઘડાએ અંતે હત્યાનું રૂપ લીધું હતું.

વડોદરાની રેલવે કોલોનીમાં રહેતા સચિન રાઠવા નામના યુવકની શંકાસ્પદ પરિસ્થિતિમાં હત્યા થઈ હતી. શરૂઆતમાં ઘટનાને લઈને અનેક પ્રશ્નો ઉભા થયા હતા. જોકે, પોલીસની સઘન તપાસ બાદ ખુલાસો થયો કે આ હત્યા સચિનની મંગેતર રેખા રાઠવાએ કરી હતી. રેખા રાઠવા રેલવે વિભાગમાં ખલાસી તરીકે નોકરી કરે છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, સચિન અને રેખા છેલ્લા ત્રણ વર્ષથી લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા હતા. બંનેની ઓળખાણ ઈન્સ્ટાગ્રામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મારફતે થઈ હતી, જે બાદ તેમનો સંપર્ક ગાઢ બન્યો હતો. સમય જતાં બંને એકસાથે રહેવા લાગ્યા હતા. જોકે, સંબંધ દરમિયાન સચિન રેખાના ચારિત્ર્ય પર વારંવાર શંકા કરતો હતો, જેને લઈને બંને વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ બંને વચ્ચે ગંભીર ઝઘડો થયો હતો. આ ઝઘડા દરમિયાન સચિને રેખા સાથે લગ્ન તોડવાની વાત કરી હતી. આ વાતથી રેખા અત્યંત ઉશ્કેરાઈ ગઈ હતી. ગુસ્સા અને ભાવનાત્મક ઉથલપાથલના માહોલમાં રેખાએ સચિનની હત્યા કરવાનો નિર્ણય લીધો હતો. હત્યાના દિવસે રેખાએ દુપટ્ટાનો ઉપયોગ કરીને સચિનનું ગળું દબાવી દીધું હતું, જેના કારણે સચિનનું સ્થળ પર જ મોત થયું હતું.હત્યા બાદ રેખાએ શરૂઆતમાં પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો.

ગુજરાતમાં પાંચ નવા 'સેટેલાઇટ ટાઉન'નો વિકાસ, મોટા શહેરો પરનું દબાણ ઘટાડવાની મહત્વાકાંક્ષી યોજના

મહાનગરોથી માત્ર એક કલાકના અંતરે આવેલા આ શહેરોને આર્થિક રીતે સશક્ત બનાવીને રોજગાર, રહેઠાણ અને જીવનની ગુણવત્તા સુધારવામાં આવશે

અમદાવાદ,

ગુજરાત સરકારે શહેરી વિકાસને નવી દિશા આપતા પાંચ નાના શહેરોને 'સેટેલાઈટ ટાઉન' તરીકે વિકસિત કરવાની પ્રક્રિયા ઝડપી બનાવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ આ યોજના વર્ષ ૨૦૩૦ સુધીમાં અમદાવાદ નજીક સાણંદ, ગાંધીનગર નજીક કલોલ, વડોદરા નજીક સાવલી, સુરત નજીક બારડોલી અને રાજકોટ નજીક હીરાસરને મહાનગર સમકક્ષ સુવિધાઓથી સજ્જ કરીને આર્થિક પ્રવૃત્તિના નવા કેન્દ્રો બનાવવાનો લક્ષ્યાંક ધરાવે છે.ગુજરાતના શહેરી વિકાસ વિભાગ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા નિવેદન અનુસાર, આ પાંચ શહેરોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનુભવ ધરાવતા અર્બન પ્લાનર્સ દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આગામી બે મહિનામાં કન્સલ્ટન્ટ્સની નિમણૂક કરીને એક વર્ષમાં માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવશે.

આ યોજના 'શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫'ના 'અર્નિંગ વેલ લિવિંગ વેલ' મંત્રને સાકાર કરવાના ઉદ્દેશથી તૈયાર કરાઈ છે. મહાનગરોથી માત્ર એક કલાકના અંતરે આવેલા આ શહેરોને આર્થિક રીતે સશક્ત બનાવીને રોજગાર, રહેઠાણ અને જીવનની ગુણવત્તા સુધારવામાં આવશે.આનાથી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત અને રાજકોટ જેવા મોટા શહેરો પર વધતું વસ્તી અને આર્થિક દબાણ ઘટશે.સાણંદ સેમિકન્ડક્ટર હબ તરીકે ઉભરી રહેલું આ શહેર વૈશ્વિક કંપનીઓના આગમનથી ઝડપી વિકાસના માર્ગે છે.

આ સાથે જ કલોલ, સાવલી, બારડોલી, હીરાસર સેટેલાઈટ ટાઉનમાં વિશ્વકક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવામાં આવશે,જેમાં ઈલેક્ટ્રિક બસ સાથેનું જાહેર પરિવહન વ્યવસ્થા,રિંગ રોડ અને અદ્યતન પાણી પુરવઠો તથા વેસ્ટ મેનેજમેન્ટ,અર્બન ફોરેસ્ટ પાર્ક, વિકસિત તળાવો અને મોડેલ ફાયર સ્ટેશન અને મિક્સ્ડ યુઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે. આ કામગીરીને ઝડપ આપવા માટે મંજૂરી અને દેખરેખ સમિતિની રચના કરવામાં આવી છે.

ગાંધીધામમાં વનમંત્રી મોઢવાડીયાના હસ્તે વાયબ્રન્ટ કચ્છનો શુભારંભ

વાઈબ્રન્ટ કચ્છ પ્રોગ્રામમાં કુલ ૩૩૪ એમએસએમઇ એકમો સાથે રૂ.૮૫૦૦ કરોડના એમઓયુ સાઈન થયા

ભુજ,

ડૉ. બાબાસાહેબ આંબેડકર કન્વેશન સેન્ટર ગાંધીધામ ખાતે વાઈબ્રન્ટ કચ્છ કાર્યક્રમનો શુભારંભ કરાવતા વન-પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, કચ્છની ખમીરવંતી પ્રજાએ અનેક કુદરતી આફતોની પીડા વેઠીને આજે કચ્છને વિકાસનું કેન્દ્ર બનાવ્યું છે. સરકારના વિઝન અને કચ્છીઓની ખુમારી થકી કચ્છ ઔદ્યોગિક હબ બન્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશિતાથી એક પ્રદેશની કઇ રીતે કાયાકલ્પ થઇ શકે તેનું કચ્છ ઉદાહરણ છે. કચ્છીઓ જે રીતે પડકારોને ઝીલનારી પ્રજા છે તે જ રીતે વડાપ્રધાનએ કચ્છના પડકારોને તકમાં પલાટાવીને કચ્છનો અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. પાણી, રોજગાર સહિતના મુદ્દે એક સમયે પીડિત કચ્છ આજે અન્ય રાજ્યોના લોકોને રોજગારી આપી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર વિકાસના રથને આગળ વધારતા કચ્છ આજે ટુરીઝમ, ખેતી તથા ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર બન્યું છે. કચ્છ રીન્યુએબલ એનર્જીનું હબ સાથે દેશનો ૪૦ ટકા કાર્ગો હેન્ડલ કરી રહ્યું છે. મંત્રીએ આવનારા સમયમાં કચ્છ ઇલેકટ્રોનિક કમ્પોનન્ટના પીસીબીના નિમાર્ણ માટે, ગ્રીન હાઇડ્રોજન, ડેટા સેન્ટર, બ્લુ ઈકોનોમી જેવા ક્ષેત્રના વિકાસ માટે મુખ્ય કેન્દ્ર બની શકે તેમ હોય રોકાણકારોને તેમાં જોડાવવા હાકલ કરી હતી.

આ તકે ધોલેરાના વિકાસ વાત કરતા તેઓએ ઉમેર્યું હતું કે, પડકારોને તકમાં પરિવર્તન કરવું વડાપ્રધાનના વિઝનમાં છે. કોરાનાકાળમાં ગણતરીના દિવસોમાં વેક્સિન બનાવવાથી લઇને લોકોને આપવા સુધીની કામગીરી કરી ભારતે અન્ય દેશોને માત આપી હતી. આજે ભારત વેક્સિન હબ બન્યું છે. તે જ રીતે સેમિકન્ડટર, ઇલેકટ્રોનિક કમ્પોન્ટના પડકારને ઝીલીને તેના ઉત્પાદન માટે સજ્જ બનેલું ભારત આવનારા વર્ષોમાં આત્મનિર્ભર બની દુનિયામાં અગ્રેસર બનશે.

વન અને પર્યાવરણ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વિકસિત ભારતના સપનાને સાકાર કરવા માટે દરેક ક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનવું પડશે. આ માટે કચ્છમાં ભરપૂર પોટેન્શિયલ હોવાથી ભારતના ભવિષ્યને નિમાર્ણ કરનાર ક્ષેત્રમાં રોકાણ માટે કચ્છમાં આવી સંપત્તિસર્જન કરવા આહવાન કર્યું હતું. આવનારો સમય એઆઇ, ક્વોન્ટમ ટેકનોલોજી તથા બાયો ટેક્નોલોજીનો હોવાથી આ ક્ષેત્રમાં વિકાસ માટે આધુનિક રિસર્ચ સેન્ટર, એક્સલન્સ લેબનું સહિતનું નિર્માણ કરી ગુજરાત સજ્જ બન્યું હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, કચ્છનો ગોલ્ડન પિરિયડ ચાલી રહ્યો છે. તેઓએ “ટકાઉ વિકાસ”ની વિભાવના અને પર્યાવરણની જાળવણીના સંકલ્પ સાથે કચ્છમાં વર્લ્ડ ક્લાસ નર્સરી બનાવવા જણાવ્યું હતું. કચ્છમાં ગ્રીન કવર વધારવાની આ ઝુંબેશમાં ઉદ્યોગો પણ જોડાય તેવો અનુરોધ તેમણે કર્યો હતો.ઉચ્ચ શિક્ષણ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી તરીકે ધુરા સંભાળી ત્યારથી વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત થઈ હતી. આજે જિલ્લાકક્ષાએ તેનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જે બદલ તેમણે કચ્છ જિલ્લા વહીવટી તંત્ર અને કચ્છના ઉદ્યોગ સાહસિકોને અભિનંદન પાઠવ્યા હતાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસને આંદોલન બનાવીને ભૂકંપની પીડા સાથે પાણી, બેરોજગારીની સ્થિતિમાં કચ્છને બેઠું કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનથી કચ્છ અવિરત વિકાસ સાધી રહ્યું છે.

સોમનાથ સ્વાભિમાન પર્વ - અખંડ આસ્થાના ૧૦૦૦ વર્ષ (૧૦૨૬-૨૦૨૬)

સોમનાથ... આ શબ્દ સાંભળતા જ આપણા હૃદય અને મનમાં ગર્વની લાગણી જન્મે છે. તે ભારતની આત્માની શાશ્વત ઘોષણા છે. આ ભવ્ય મંદિર ભારતના પશ્ચિમ કિનારે ગુજરાતમાં પ્રભાસ પાટણ નામના સ્થળે આવેલું છે. દ્વાદશ જ્યોર્તિલિંગ સ્તોત્રમાં ભારતભરના ૧૨ જ્યોર્તિલિંગોનો ઉલ્લેખ છે. સ્તોત્રની શરૂઆત "સૌરાષ્ટ્ર સોમનાથથી થાય છે, જે પ્રથમ જ્યોર્તિલિંગ તરીકે સોમનાથની સભ્યતા અને આધ્યાત્મિક મહત્વનું પ્રતીક છે. એમ પણ કહેવાય છે કેઃ

તેનો અર્થ છેઃ સોમનાથ શિવલિંગના માત્ર દર્શન કરવાથી મનુષ્ય પાપોમાંથી મુક્ત થાય છે, તેની ધાર્મિક ઈચ્છાઓ પૂર્ણ થાય છે અને મૃત્યુ પછી સ્વર્ગ પ્રાપ્ત કરે છે. દુર્ભાગ્યવશ, આ જ સોમનાથ, જે લાખો લોકોની શ્રદ્ધા અને પ્રાર્થનાનું કેન્દ્ર હતું, તેના પર વિદેશી આક્રમણકારો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેમનો એજન્ડા વિનાશ કરવાનો હતો, ભક્તિ નહીં.

વર્ષ ૨૦૨૬ સોમનાથ મંદિર માટે મહત્ત્વપૂર્ણ છે. આ મહાન મંદિર પર થયેલા પ્રથમ હુમલાને ૧,૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. જાન્યુઆરી ૧૦૨૬ માં જ ગઝનીના મહમુદે આ મંદિર પર હુમલો કર્યો હતો, જેણે હિંસક અને બર્બર આક્રમણ દ્વારા શ્રદ્ધા અને સભ્યતાના મહાન પ્રતીકને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમ છતાં, એક હજાર વર્ષ પછી પણ, સોમનાથને તેની ભવ્યતામાં પુનઃસ્થાપિત કરવાના અસંખ્ય પ્રયાસોને કારણે મંદિર આજે પણ એટલું જ ભવ્ય છે.

આવો જ એક સીમાચિહ્ન ૨૦૨૬ માં ૭૫ વર્ષ પૂર્ણ કરે છે. ૧૧ મે ૧૯૫૧ ના રોજ એક સમારોહ દરમિયાન, ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ઉપસ્થિતિમાં, પુનઃનિર્મિત મંદિરના દ્વાર ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. ૧૦૨૬ માં સોમનાથ પર થયેલા પ્રથમ આક્રમણ, નગરના લોકો પર કરવામાં આવેલી ક્રૂરતા અને મંદિર પર થયેલા વિનાશનું વિવિધ ઐતિહાસિક વૃત્તાંતોમાં વિગતવાર દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે.

જ્યારે તમે તેને વાંચો છો, ત્યારે હૃદય કંપી ઉઠે છે. દરેક પંક્તિ દુઃખ, ક્રૂરતા અને એવી પીડાનો ભાર વહન કરે છે જે સમયની સાથે ભૂંસાતી નથી. ભારત અને લોકોના મનોબળ પર તેની કેવી અસર પડી હશે તેની કલ્પના કરો. સોમનાથનું મોટું આધ્યાત્મિક મહત્વ હતું. તે દરિયાકાંઠે હોવાથી, મહાન આર્થિક પરાક્રમ ધરાવતા સમાજને શક્તિ પણ આપતું હતું, જેના દરિયાઈ વેપારીઓ અને નાવિકો તેની ભવ્યતાની ગાથાઓ દૂર-દૂર સુધી લઈ જતા હતા.

તેમ છતાં, હું નિઃસંકોચપણે ગર્વ સાથે કહી શકું છું કે સોમનાથની વાર્તા, પ્રથમ હુમલાના એક હજાર વર્ષ પછી પણ, વિનાશ દ્વારા વ્યાખ્યાયિત થતી નથી. તે ભારત માતાના કરોડો સંતાનોના અતૂટ સાહસ દ્વારા વ્યાખ્યાયિત થાય છે. ૧૦૨૬માં શરૂ થયેલી મધ્યકાલીન બર્બરતાએ અન્યોને વારંવાર સોમનાથ પર હુમલો કરવા માટે 'પ્રેરિત' કર્યા હતા. તે આપણા લોકો અને સંસ્કૃતિને ગુલામ બનાવવાનો પ્રયાસ હતો. પરંતુ, દર વખતે જ્યારે મંદિર પર હુમલો થયો, ત્યારે આપણી પાસે એવા મહાન પુરુષો અને સ્ત્રીઓ હતા જેઓ તેના રક્ષણ માટે ઉભા થયા અને સર્વોચ્ચ બલિદાન પણ આપ્યું.

અને દરેક વખતે, પેઢી દર પેઢી, આપણી મહાન સંસ્કૃતિના લોકો બેઠા થયા અને મંદિરનું પુનઃનિર્માણ તેમજ નવજીવન કર્યું. એ જ માટી દ્વારા આપણું પણ પાલન-પોષણ થવું એ આપણું સૌભાગ્ય છે જેણે અહિલ્યાબાઈ હોલકર જેવા મહાનુભાવોને પોષ્યા છે, જેમણે ભક્તો સોમનાથમાં પ્રાર્થના કરી શકે તે માટે ઉમદા પ્રયાસ કર્યો હતો. ૧૮૯૦ના દાયકામાં, સ્વામી વિવેકાનંદે સોમનાથની મુલાકાત લીધી હતી અને તે અનુભવથી તેઓ પ્રભાવિત થયા હતા.

તેમણે ૧૮૯૭ માં ચેન્નાઈમાં એક વ્યાખ્યાન દરમિયાન પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું હતું કે, "દક્ષિણ ભારતના આમાંના કેટલાક પ્રાચીન મંદિરો અને ગુજરાતના સોમનાથ જેવા મંદિરો તમને જ્ઞાનના અઢળક પાઠ શીખવશે, કોઈપણ પુસ્તકો કરતાં આ જાતિના ઈતિહાસમાં ઊંડી સમજ આપશે. જુઓ કે આ મંદિરો કેવી રીતે સો હુમલાઓ અને સો જીર્ણોધારન નિશાન ધરાવે છે, જે સતત નાશ પામતા રહ્યા અને ખંડેરોમાંથી સતત બહાર આવતા રહ્યા, નવપલ્લિત અને હંમેશાની જેમ મજબૂત! તે રાષ્ટ્રીય મન છે, તે રાષ્ટ્રીય જીવન-પ્રવાહ છે. તેને અનુસરો અને તે ગૌરવ તરફ દોરી જશે. જો તેને છોડી દેશો તો તમે નાશ પામશો; જે ક્ષણે તમે તે જીવન પ્રવાહની બહાર પગ મૂકશો, મૃત્યુ એ એકમાત્ર પરિણામ હશે, વિનાશ જ એકમાત્ર અસર હશે."

સ્વતંત્રતા પછી સોમનાથ મંદિરના પુનઃનિર્માણની પવિત્ર ફરજ સરદાર વલ્લભભાઈ પટેલના સમર્થ હાથોમાં આવી. ૧૯૪૭ માં દિવાળીના સમયે એક મુલાકાતે તેમને એટલા પ્રભાવિત કર્યા કે તેમણે ત્યાં મંદિરના પુનઃનિર્માણની જાહેરાત કરી દીધી. અંતે, ૧૧ મે ૧૯૫૧ ના રોજ, સોમનાથમાં એક ભવ્ય મંદિરના દ્વાર ભક્તો માટે ખુલ્યા અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. મહાન સરદાર સાહેબ આ ઐતિહાસિક દિવસ જોવા જીવિત નહોતા, પરંતુ તેમના સ્વપ્નની પૂર્તિ રાષ્ટ્ર સમક્ષ ગર્વથી ઊભી હતી.તત્કાલીન પ્રધાનમંત્રી, પંડિત જવાહરલાલ નેહરુ, આ ઘટનાક્રમથી બહુ ઉત્સાહિત નહોતા. તેઓ ઈચ્છતા ન હતા કે માનનીય રાષ્ટ્રપતિ તેમજ મંત્રીઓ આ વિશેષ કાર્યક્રમ સાથે જોડાય. તેમણે કહ્યું હતું કે આ ઘટનાએ ભારતની ખરાબ છાપ ઊભી કરી છે. પરંતુ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અડગ રહ્યા અને બાકીનો ઈતિહાસ છે. સોમનાથનો કોઈ પણ ઉલ્લેખ કે. એમ. મુનશીના પ્રયાસોને યાદ કર્યા વિના અધૂરો છે, જેમણે સરદાર પટેલને ખૂબ જ અસરકારક રીતે સાથ આપ્યો હતો. 'સોમનાથઃ ધ શ્રાઈન એટર્નલ' પુસ્તક સહિત સોમનાથ પરના તેમના કાર્યો અત્યંત માહિતીપ્રદ અને શિક્ષિત કરનારા છે.

ખરેખર, મુનશીજીના પુસ્તકનું શીર્ષક જણાવે છે તેમ, આપણે એવી સંસ્કૃતિ છીએ જે આત્મા અને વિચારોની શાશ્વતતા વિશે દ્રઢ વિશ્વાસ ધરાવે છે. ગીતાના પ્રખ્યાત શ્લોક માં દર્શાવ્યા મુજબ, જે શાશ્વત છે તે અવિનાશી છે એવું આપણે દ્રઢપણે માનીએ છીએ. આપણી સભ્યતાના અદમ્ય ઉત્સાહનું સોમનાથથી વધુ સારું ઉદાહરણ બીજું કોઈ હોઈ શકે નહી, જે મુશ્કેલીઓ અને સંઘર્ષો પર વિજય મેળવીને ભવ્ય રીતે ઊભું છે.આ જ ભાવના આપણા રાષ્ટ્રમાં જોવા મળે છે, જે સદીઓના આક્રમણો અને સંસ્થાનવાદી લૂંટને પાર કરીને વૈશ્વિક વિકાસના તેજસ્વી સ્થળોમાંનું એક છે. આપણી મૂલ્ય પ્રણાલીઓ અને આપણા લોકોના નિશ્ચયે જ ભારતને આજે વૈશ્વિક ધ્યાનનું કેન્દ્ર બનાવ્યું છે. વિશ્વ ભારતને આશા અને આશાવાદ સાથે જોઈ રહ્યું છે. તેઓ આપણા નવયુવાનોમાં રોકાણ કરવા માંગે છે. આપણી કલા, સંસ્કૃતિ, સંગીત અને અનેક તહેવારો વૈશ્વિક સ્તરે જઈ રહ્યા છે. યોગ અને આયુર્વેદ વિશ્વભરમાં પ્રભાવ પાડી રહ્યા છે અને સ્વસ્થ જીવનને પ્રોત્સાહન આપી રહ્યા છે. વિશ્વના કેટલાક સૌથી કપરા પડકારોના ઉકેલો ભારતમાંથી આવી રહ્યા છે.

અનાદિ કાળથી, સોમનાથે જીવનના વિવિધ ક્ષેત્રોના લોકોને એકસાથે લાવ્યા છે. સદીઓ પહેલા, એક આદરણીય જૈન સાધુ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સોમનાથ આવ્યા હતા. એવું કહેવાય છે કે ત્યાં પ્રાર્થના કર્યા પછી, તેમણે એક શ્લોક ગાયો હતો,તેનો અર્થ છે - તે ઈશ્વરને વંદન જેમાં સાંસારિક બનેલા બીજ નાશ પામે છે, જેમાં રાગ અને તમામ ક્લેશો શમી ગયા છે. આજે પણ સોમનાથ મન અને આત્મામાં કંઈક ગહન જાગૃત કરવાની ક્ષમતા ધરાવે છે.

૧૦૨૬ ના પ્રથમ હુમલાના એક હજાર વર્ષ પછી પણ, સોમનાથનો દરિયો આજે પણ એ જ તીવ્રતાથી

આભાર - નિહારીકા રવિયા

ગર્જના કરે છે જેવી તે સમયે કરતો હતો. સોમનાથના કિનારાને સ્પર્શતી લહેરો એક વાર્તા કહે છે. ભલે ગમે તે થાય, મોજાંની જેમ તે વારંવાર ઊઠતું રહેશે. ભૂતકાળના આક્રમણકારો હવે હવામાં ધૂળ બની ગયા છે, તેમના નામ વિનાશના પર્યાય છે. તેઓ ઈતિહાસના પાનામાં ફૂટનોટ્સ બનીને રહી ગયા છે, જ્યારે સોમનાથ તેજસ્વી રીતે ઉભું છે, જે ક્ષિતિજની પેલે પાર સુધી પ્રકાશ ફેલાવે છે, અને આપણને એ શાશ્વત ભાવનાની યાદ અપાવે છે જે ૧૦૨૬ના હુમલા છતાં પણ અકબંધ રહી હતી. સોમનાથ એ આશાનું ગીત છે જે આપણને કહે છે કે નફરત અને કટ્ટરતા પાસે ભલે એક ક્ષણ માટે નાશ કરવાની શક્તિ હોય, પરંતુ સારપની શક્તિમાં વિશ્વાસ અને દ્રઢતા પાસે અનંતકાળ સુધી સર્જન કરવાની શક્તિ છે.જો સોમનાથ મંદિર, જેના પર એક હજાર વર્ષ પહેલાં હુમલો થયો હતો અને ત્યારપછી સતત આક્રમણોનો સામનો કરવો પડ્યો હતો, તે ફરીથી અને ફરીથી ઉભું થઈ શકતું હોય, તો આપણે ચોક્કસપણે આપણા મહાન રાષ્ટ્રને તે ગૌરવ અપાવી શકીએ છીએ જે આક્રમણો પહેલા એક હજાર વર્ષ પહેલાં હતું. શ્રી સોમનાથ મહાદેવના આશીર્વાદ સાથે, આપણે આગળ વધીએ છીએ...

વિકસિત ભારત બનાવવાના નવા સંકલ્પ સાથે, જ્યાં સભ્યતાનું જ્ઞાન આપણને સમગ્ર વિશ્વના કલ્યાણ માટે કામ કરવા માર્ગદર્શન આપે છે.

જય સોમનાથ!

(શ્રી નરેન્દ્ર મોદી ભારતના પ્રધાનમંત્રી છે અને શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ પણ છે)